EDII

Divya Bhaskar

August 8, 2019
Page No. 2

### વણાટની પરંપરા સાથે યુવા પેઢીને સાંકળવાનો ઉદ્દેશ

# EDI વણાટ કારીગરો, કલાકારોમાં ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા વિકસાવશે

## ભુજ, સુરેન્દ્રનગરની હેન્ડલૂમ ક્લસ્ટર્સ તરીકે પસંદગી

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થાકીય વિકાસ માટે રાષ્ટ્રીય સ્તરે અગ્રણી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ) 5000 વણકરો, કલાકારો, ટ્રેડર્સમાં ઓદ્યોગિક સ્પર્ધાત્મકતા વિકસાવશે. પ્રથમ તબક્કામાં આ પ્રોજેક્ટ દેશભરના છ હેન્ડલૂમ ક્લસ્ટર્સમાં અમલમાં મુકાશે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ હેન્ડલૂમ પ્રોડક્ટસ પ્રત્યે લોકોની જાગૃત્તિ વધારવાનો તથા વણકરો અને કલાકારોના જીવનમાં સુધારો લાવવાનો છે. ત્રણ વર્ષમાં અમલમાં મુકાનારા હેન્ડ મેડ ઇન ઈન્ડિયા (એચએમઆઈ) પ્રોજેક્ટ માટે ગુજરાતમાં ભુજ અને સુરેન્દ્રનગર, ઓરિસ્સા, આસામ, મધ્ય પ્રદેશ, તામિલનાડુના સાલેમને હેન્ડલૂમ ક્લસ્ટર્સ તરીકે પસંદ કરાયા છે.

વણકરોના કૌશલ્યોમાં સુધારો કરવા માટે સંસ્થાએ નવીન માર્કેટિંગ વ્યૂહની રજૂઆત કરીને યોજના વિકસાવી છે. તેનાથી ધિરાણ ઉપલબ્ધ કરાવી શકાશે. આ ઉપરાંત વણાટની પરંપરા સાથે યુવા પેઢીને સાંકળી શકાશે.

### હેન્ડ મેડ ઈન ઈન્ડિયાની પહેલ

હસ્તકલા ઉદ્યોગમાં પરંપરાગત વણકરો અને કલાકારો પાવરલૂમ્સના આગમનની સાથે ટકી રહેવામાં સંઘર્ષ કરી રહ્યા છે. કલાકારોને નવા માર્કેટ્સ સાથે સાંકળીને ટકાઉ પ્રોડક્ટસ પ્રત્યે ગ્રાહકોને આકર્ષિત કરવા અમે હેન્ડ મેડ ઈન ઈન્ડિયા (એચએમઆઈ) ની પહેલ કરી છે. » ડો. રમણ ગુજરાલ, ઈડીઆઈના પ્રોફેસર